بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّیۡ عَلٰی رَسُوۡلِهِ الۡکَرِیۡمِ

*કેટલાક મુસ્લિમ ભાઈઓ ઈન્ડિયન ગવર્નમેન્ટી બેંક થકી મળતા ઈન્ટરેસ્ટને સૂદ (વ્યાજ) સમજે છે. તેમને સમજાવવામાં આવે કે આ ઈન્ટરેસ્ટ શરીઅતની રૂએ વ્યાજ નથી, પણ નફો ગણાશે છતાં માનવા તૈયાર નથી થતા, બલ્કે ઉલમાએ દીન વિરુદ્ધ પણ બકવાસ કરીને પોતે ગુમરાહીમાં પડે છે. કેટલી નાદાનીની વાત છે કે જ્યારે શરીઅતના ઉલમા કુર્આન હદીષથી દલીલો આપીને જે વસ્તુ શરીઅતમાં ''વ્યાજ'' (સૂદ) નથી કહેવાતી તેને સમજાવી રહ્યા છે, તો તેમનો આભાર માનવાને બદલે કેટલાક જાહિલો ઉલમા પર આક્ષેપ મૂકે છે કે મોલ્વીઓ હવે બધું જાઈઝ કરવા લાગ્યા ! તેઓ જીભ સંભાળે અને ધ્યાનપૂર્વક આ ફત્વાઓનો અભ્યાસ કરે. –સંપાદક*

## ★ ગવર્મેન્ટી બેંકના વ્યાજ વિશેની માહિતી ★

ગવર્મેન્ટી બેંકના વ્યાજ વિશેનો મસ્અલો આજકાલ વાદવિવાદનો વિષય બની ગયો છે. સંસ્થામાં તે બાબતને સ્પર્શતા ડઝનોબંધ સવાલો રોજ આવે છે. આ મસ્અલા પર સંશોધનાત્મક રીતે નવેમ્બર ૧૯૬૦ના ''પાસ્બાન'' (માસિક) અલ્હાબાદમાં ફક઼ીહે આ'ઝમે હિંદ નાઈબે મુફતીએ આ'ઝમ, **હઝરત અલ્લામા મૌલાના શરીફુલ હક઼ સાહેબ** رحمۃ اللہ علیہ (માજી સદર દારુલ ઈફતા, બરેલી શરીફ)નો ગવર્મેન્ટી બેંકના વ્યાજ બાબત જે મસ્અલો પ્રગટ થયો હતો તેનો અનુવાદ અત્રે રજૂ કરીએ છીએ. તેમણે કરેલી છણાવટ સંપૂર્ણ છે અને વાંચકોને તે બાબત શરઈ એહકામોની જાણકારી મળી રહેશે.

આ લેખમાં ઈસ્લામી શરીઅતમાં વ્યાજ લેવા દેવાનો હુકમ કેવા પ્રકારનો છે તે સમજાવવાની નિખાલસ કોશિશ કરી છે, તેમાં કોઈનું





મનદુ:ખ થાય તેવો ઈરાદો નથી. અમારો ઈરાદો, ઈસ્લામ ધર્મમાં વ્યાજનાં ફર્માનો બયાન કરવા સિવાય બીજો નથી.

*–અનુવાદક : હઝરત સૈયદ કમરુદ્દીનબાવા કારંટવી*

સવાલ એવો પૂછાય છે કે :–

**૧** અહિંયા (ભારતમાં) ગૈરમુસ્લિમોથી વ્યાજ લેવું જાઈઝ છે કે નહીં ? ગવર્મેન્ટી બેંકમાંથી જે વ્યાજ મળે છે તેને લેવું જાઈઝ છે કે નહીં ?

**૨.** અહિંયા (ભારતમાં) મુસ્લિમોની નાની નાની બેંકો છે, કે જે ગૈરમુસ્લિમોથી વ્યાજુ કારોબાર કરે છે, તેઓ માટે શો હુકમ છે ?

**૩.** ભારત દારુલ હર્બ છે કે દારુલ ઈસ્લામ ?

ઉપર જે પ્રશ્નો રજૂ થયા તેના જવાબ પૂર્વે તે બાબત થોડા મસ્અલાઓને ધ્યાનમાં લઈએ અને વ્યાજની વ્યાખ્યાને સ્પષ્ટપણે સમજી લઈએ.

**૧.** વ્યાજ લેવું અને આપવું હરામે કતઈ છે. જે શખ્સ તેની હુર્મતનો (હરામ હોવાનો) ઈન્કાર કરે તે **કાફિર** છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : **حَرَّمَ الرِّبٰوا** (અર્થ : વ્યાજને હરામ ઠેરવ્યું...)

**૨.** મુડી પર, મુસલમાનની વચ્ચે અથવા મુસલમાન અને ઝિમ્મી કાફિરના વચ્ચે જે રકમ વધારાની ગણીને લેવાય છે, તે વ્યાજ થશે. મુસલમાન અને હર્બી કાફિરની વચ્ચે તેવી વધારાની રકમ ''વ્યાજ'' ગણાશે નહીં. હદીષ શરીફમાં છે : **'લા રેબન બૈના અહલિલ–હર્બે, વ અઝુન્નોહુ કાલા વ બૈના અહલિલ–ઈસ્લામે'** (અર્થ : હર્બી અને એહલે ઈસ્લામ (મુસલમાન) વચ્ચે વ્યાજ નથી.) ફિક઼્હની ભરોસાપાત્ર અને ખ્યાતનામ કિતાબો. હિદાયહ, કોદૂરી, બિદાયહ, ઈનાયહ અને કિફાયહમાં છે કે **'લા રૈબા બૈનલ–મુસ્લિમે વલ–હર્બી, ફી દારિલ હર્બે'** (અર્થ : મુસ્લિમ અને હર્બી વચ્ચે દારુલ હર્બમાં વ્યાજ નથી.)

તન્વીરુલ અબ્સાર, દુર્રે મુખ્તાર અને રદુલ મુહતાર (કે જે ફિક્હની આધારભૂત કિતાબો છે)માં લખ્યું છે કે **'વલા બૈના હર્બી વ મુસ્લિમ સમ્મહૂ'** હિંદિયહ નામની કિતાબમાં છે કે **'વલા બૈનલ–મુસ્લિમે વલ–હર્બી ફી દારિલ–હર્બે'** સારાંશ કે ફિક્હની દરેક કિતાબોમાં અને તેની શરહો (સ્પષ્ટીકરણ) તમામ હાશિયાઓમાં અને ફતાવાઓમાં તેનો ખુલાસો છે કે મુસ્લિમ અને હર્બી વચ્ચે વ્યાજ થતું નથી. તે ઉપરથી સાફ સાફ સાબિત થયું કે જો કોઈ મુસલમાન, હર્બી કાફિરને એક રૂપિયો આપી, બે રૂપિયા વસૂલ કરે તો **આ રકમ 'વ્યાજ' નથી.** એટલે કે વધારાનો જે એક રૂપિયો કાફિરે હર્બી પાસેથી લીધો તેને વ્યાજ તરીક઼ે ગણવામાં આવશે નહીં. જો કોઈ મુસલમાન બીજા મુસલમાનને એક રૂપિયો આપી બે રૂપિયા વસુલ કરે તો **તે વ્યાજ ગણાશે.** નુસૂસે ફુકશમાં 'ફીદારિલ–હર્બે' (દારુલ–હર્બમાં)નું બંધન એહતેરાઝી નથી કે તેનો મફાદ (ફાયદો) એ થાય કે દારુલ હર્બમાં એ વ્યાજ થતું નથી અને દારુલ ઈસ્લામમાં વ્યાજ થઈ જાય, તે ક઼ૈદે ઈત્તેફાકી છે. દા.ત. આયતે કરીમામાં છે કે, **لَا تَاْكُلُوا الرِّبٰوٓا اَضْعَافًا مُّضٰعَفَةً** ''બમણુ વ્યાજ ન ખાવ'' આ આયતનો મતલબ એ થતો નથી કે બમણુ વ્યાજ ખાવું હરામ અને થોડું ખાવું જાઈઝ છે ! બલ્કે જેવી રીતે બમણું વ્યાજ ખાવું હરામ છે તે જ પ્રમાણે થોડું પણ વ્યાજ ખાવું હરામ છે. કારણ કે **اَضْعَافًا مُّضٰعَفَةً**ની ક઼ૈદ એહતેરાઝી નથી બલ્કે ઈત્તેફાક઼ી છે. એવી જ રીતે ફુક઼હા (મુફતીઓ)ના ઈર્શાદોમાં પણ 'ફીદારિલ–હર્બ'ની ક઼ૈદ ઈત્તેફાક઼ી છે એહતેરાઝી નથી, એટલે જેવી રીતે મુસ્લિમ અને હર્બીની વચ્ચે દારુલ–હર્બમાં, વ્યાજ થતું નથી તેવી જ રીતે દારુલ–ઈસ્લામમાં પણ વ્યાજ થતું નથી. બલ્કે તેઓનું 'હર્બી' હોવું અને તેઓના મુબાહ–ગૈરમાસૂમ હોવું છે.





હર્બીઓના માલ જેવી રીતે દારુલ હર્બમાં મુબાહ છે તેવી જ રીતે દારુલ–ઈસ્લામમાં પણ મુબાહ છે જ્યારે કે તે 'મુસ્તા મિન' (તેના જાનમાલનું રક્ષણ કરવાની બાંહેધરી આપી ન હોય) ન હોય.

**૩.** ભારત દેશ શરઈ દષ્ટિથી દારુલ ઈસ્લામ છે પરંતું ભારતમાં ગૈરમુસ્લિમ હર્બી છે. આરિફ બિલ્લાહ મુલ્લા અહમદ જીવન رحمۃ اللہ علیہ, ''તફસીરાતે અહમદ''માં ફર્માવે છે : **''ફન્ઝોરૂ યા ઐયોહલમુ'' મેનૂના હલ–ફી હાઝ઼ઝમાને–ઝિમ્મીયુન ? તફક્કોરૂ, ઐયોહલ મુસ્લેમૂન ! ઈન હોવા ઈલ્લા હર્બીય્યુન વમા યઅકોલોહા ઈલ્લલઆલેમૂન.''** (અર્થ : આજના કાફિરો હર્બી છે પરંતું તેને આલિમો જ જાણે છે.)

જ્યારે સુલ્તાન મુહયુદ્દીન ગાઝી ઔરંગઝેબ (આલમગીર) رحمۃ اللہ علیہના યુગમાં ભારતના કાફિરો હર્બી ગણાયા હતા, તો આજના જમાનાના કાફિરો, બિન મુસ્લિમ હુકૂમત હોવાના કારણે બદરજએ ઉલા (વિશેષ રીતે) હર્બી થશે. કેવળ દારુલ ઈસ્લામમાં રહેવાથી કોઈ કાફિર 'ઝિમ્મી' થતો નથી. જો તે સુલ્તાને ઈસ્લામને (ઈસ્લામી રાજ્યના સુલ્તાનને) વચન પ્રમાણે, શરીઅતની રીતે જિઝયો (ટેક્ષ) ભરતો હોય તો 'ઝિમ્મી' ગણાશે. આજે બિન ઈસ્લામી હુકૂમત છે અને જિઝયો ભરવાનો નથી, આવી પરિસ્થિતિમાં અહીંના ગૈરમુસ્લિમો કેમ કરીને 'ઝિમ્મિ' કહેવાશે ?

**૪.** હર્બીનો માલ મુબાહ છે. મુસલમાન પોતાની ઈજ્જતને ભયમાં નાખ્યા વગર જેવી રીતે ઈચ્છે છે તે લઈ શકે છે. તમામ ફુક઼હાએ કિરામ સ્પષ્ટપણે ફર્માવે છે કે, ''એક મુસલમાનને હાથે બીજા મુસલમાનને મુરદાર (જાનવર)નું વેચાણ કરવું હરામ છે પરંતું તેનું

વેચાણ જો હર્બીઓને કરે જે જાઈઝ છે.'' ફિક્હની મશ્હૂર કિતાબ ''શામી''માં છે કે, **''લો બાઅહુમ દિરહમુન બેદિરહમૈને ઔ બાઅહુમ મૈતતન બે દિરાહેમિન ફઝ્ઝાલેકા કુલ્લોહુ તીબુન લહૂ....''**

આપણે વ્યાજની વ્યાખ્યા ઉપર મુજબ સ્પષ્ટપણે જાણી લીધી હવે ઉપર પૂછેલા પ્રશ્નોના ઉત્તર સાંભળો.

**જવાબ : ૧.** સેવિંગ્સ બેંક, સ્ટેટ બેંક, હુકૂમતની બેંકો છે. ભારતની હુકૂમત ગૈરમુસ્લિમોની છે. ભારતના ગૈરમુસ્લિમો હર્બી છે. હર્બી અને મુસલમાનની વચ્ચે વ્યાજ થતું નથી. એટલા માટે સાબિત થયું કે **ઉપરની બેંકોમાં જમા કરાવેલાં નાણાંથી વ્યાજરૂપે જે નફો મળે તે વ્યાજ નથી અને તેથી તે હરામ નથી, ભલે ને લોકો તેને વ્યાજ કહેતા હોય.** જે લેવડ દેવડ વ્યાજુ ન હોય તેને વ્યાજુ કહેવાથી વ્યાજુ થશે નહીં. **બકરીને સુવ્વર (ભુંડ) કહેવાથી તે સુવ્વર થઈ જવાની નથી.** આવી રકમને જબરદસ્તીથી વ્યાજ કહી હરામ ઠેરવવું તે હલાલને હરામ ઠેરવવા સમાન છે અને મુસલમાનોને એક મહાન ફાયદા નફાથી વંચિત કરવા સમાન છે, અને જો મુસલમાનો તેને નહીં લે, તો તે નાણાં ગૈરઈસ્લામી ધર્મ સ્થાનો અને મિશનમાં જશે. શરૂઆતમાં, મુંબઈમાં કેટલાક અધકચરા મુફતીઓએ આવી બેંકોના વ્યાજને, વ્યાજની રકમ ઠેરવીને હરામ કરી દીધી હતી. પરિણામ એ આવ્યું કે તે નાણાથી એક ઘણુ જ મોટુ ચર્ચ (દેવળ) બનાવી દેવામાં આવ્યું. (અલ્લાહની પનાહ) પ્રત્યેક બુધ્ધિશાળી સમજી શકે છે કે **શરીઅતે જ્યારે તેવી રકમને ગૈરમુસ્લિમો પાસેથી લેવી જાઈઝ ઠેરવી છે તો તે લઈ લેવી ઉત્તમ છે.**

**૨.** પ્રથમ સવાલના જવાબ પરથી ફલિત થયું કે એ પણ જાઈઝ છે.





**૩.** મુસલમાનો માટે ભારત 'દારુલ હર્બ' નથી, બલ્કે દારુલ ઈસ્લામ છે. આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہની લખેલી કિતાબ ''એલામુલ અઅલામ બેઅન્ન હિંદુસ્તાન દારુલ ઈસ્લામ''માં સાબિત ફર્માવ્યું છે કે **ભારત દેશ મુસલમાનો માટે દારુલ ઈસ્લામ છે, કારણ કે અહીં ઈસ્લામ ધર્મ પાળવા માટે કોઈ જાતની રોકટોક કે અડચણ અવરોધ હુકૂમત તરફથી કરવામાં આવતો નથી. માટે આ દેશને 'દારુલ ઈસ્લામ' જ કહેવાશે.** પરંતુ હુકૂમત ગૈરમુસ્લિમની છે અને હુકૂમત કરનાર શરીઅતના પાબંદ એવા કોઈ ખલીફા કે સુલ્તાન નથી, માટે આ દેશમાં વસનારા ગૈરમુસ્લિમો 'હર્બી' કહેવાશે. જે કાફિર કોઈ ચુસ્ત મુસ્લિમ બાદશાહની હુકૂમતમાં રહેતો હોય અને પોતાની જાન માલના રક્ષણ માટે જિઝયો નામનો ટેક્ષ આપતો હોય, તો તે કાફિરને 'ઝિમ્મી' કહેવાશે અને તેની પાસેથી વ્યાજની લેવડ દેવડ થાય તેવો ધંધો કોઈપણ મુસલમાન માટે હરામ છે.

**નોટ :** આ બાબતને લગતો હઝરત મુફતીએ આ'ઝમે હિંદ મૌલાના શાહ મુસ્તફા રઝાખાન સાહેબ બરેલ્વી, (સાહબઝાદા આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી) દામત બરકાતોહોમુલ આલિયહ્નો ખુલાસાવાર એક ફત્વો કે જે અમે ઝીલકઅદાહ, હિ.સ. ૧૩૮૨માં પૂછેલો તેને પણ આ સાથે રજૂ કરીએ છીએ.

*–અનુવાદક : હઝરત સૈયદ ક્મરુદ્દીનબાવા કારંટવી*

### ★ ગવર્મેન્ટી બેંકના વ્યાજ વિશે મુફતીએ આ'ઝમનો ફત્વો ★

**૧.** ક્યા ફર્માતે હૈં ઉલ્માએ દીન વ મુફ્તિયાને શરએ મતીન ? ઝૈલકે મસ્અલેમેં.

આજકલ મુસલમાન ગવર્મેન્ટી (સરકારી) ઔર પ્રાઈવેટ બેંકોમેં રૂપિયા જમા કરતે હૈ. ઉસ પર વહાંસે સૂદ મિલતા હૈ. યેહી હાલ પોસ્ટ ઓફિસ, સેવિંગ્સ સર્ટિફિકેટ, ડીફેન્સ સર્ટિફિકેટ વગૈરાહમેં હૈ. તો દર્યાફત તલબ બાત યે હૈ કે વોહ રકમ જો ઈન સબ મદ્દોંસે ઝિયાદતીકી મિલતી હૈ, લેના જાઈઝ હૈ યા નહીં ? અગર લે લિયા તો ઉસે અપને સર્ફમેં લા સકતે હૈ યા નહીં ? ઝૈદ કહેતા હૈ કે પ્રાઈવેટ બેંકોંસે લેના જાઈઝ હૈ ક્યૂં કે વોહ સબ કુફ્ફારે હર્બીકી હૈં. મગર ગવર્મેન્ટી (સરકારી) બેંકો, પોસ્ટ ઓફિસો ઔર દીગર સરકારી શો'બોંસે જો યેહ કામ કરતે હૈં ઐસી રકમ લેના જાઈઝ નહીં હૈ, ક્યૂં કે યેહ હુકૂમત જમ્હૂરી હૈ, ઈસ લિએ ગવર્મેન્ટ (સરકાર)મેં મુસલમાનોંકા ઈત્ના હી હિસ્સા હૈ જિત્ના હિંદુઓંકા. બરાએ કરમ મઝકૂરા બાલા અમ્રકા મુફસ્સલ જવાબ ઈનાયત ફર્માએ.

**નોટ** : અગર ઈન તમામ સૂરતોંમેં લેના જાઈઝ હૈં તો સવાબકી નિય્યતસે મસ્જિદ, મદ્રસા યા મદ્રસાકી ઈમારત યા ઉસકી દીગર જરૂરિયાત મષલન પાએખાના વગૈરાહ બનાનેમેં ખૈરાત કર સકતે હૈં યા નહીં ? યા ફુકરાકો દે સકતે હૈં યા નહીં ?

અલ મુસ્તફતી : (મૌલ્વી) હસન આદમ (કોલવનવી) દારુલ ઉલૂમ શાહે આલમ, જમાલપુર રોડ, અહમદાબાદ.

જવાબ નં. ૭૨૧/૧૪ અલ જવાબ ૭૮૬/૯૨

ડાકખાના (પોસ્ટ ઓફિસ) ઔર ગવર્મેન્ટી બેંકો યા વોહ બેંક જો ખાલિસ હર્બી કુફ્ફારકે હૈં, ઉનસે જો ઝાઈદ રકમ મિલતી હૈ, વોહ સૂદ (વ્યાજ) નહીં હૈ, ક્યૂં કે યહાંકે કુફ્ફાર હર્બી હૈં ઔર સૂદ (વ્યાજ) માલે મઅસૂમમેં મુસ્લિમ મુસ્લિમ કે માબૈન, યા મુસ્લિમ વ ઝિમ્મીકે





દરમિયાન હોતા હૈ, મુસ્લિમ ઔર હર્બી કુફ્ફારકે દરમિયાન સૂદ (વ્યાજ) નહીં હૈ, હદીષ શરીફમેં હૈ, **''લા રેબન બૈના અહલિલ હર્બે, વ અઝુન્નોહુ કાલા બૈના અલલિલ ઈસ્લામે''** કઝા ફિલ–હિદાયહ કોદૂરી, વબિદાયહ, વ તન્વીરુલ–અબ્સાર ઔર ઉસ્કી શરહ દુર્રે મુખ્તાર વગૈરાહમેં હૈ 'લા રેબન બૈનલ–મુસ્લિમે વલ–હર્બી' કર્ઝ દેકર અગર મુસલમાનસે નફા લે તો સૂદ (વ્યાજ) હૈ, હરામ હૈ લેકિન હર્બી કુફ્ફારકે સાથ સૂદ (વ્યાજ) નહીં, ન ઉસકો સૂદ (વ્યાજ) કહના જાઈઝ, ન ઉસ પર સૂદકે અહકામ જારી હોંગે, ઉસ્કી ઈલ્લત (કારણ) યે હૈ કે હર્બી કુફ્ફારકે અમ્વાલ મુબાહ હૈં કે ગૈર મઅસૂમ હૈં ઔર સૂદકે લિએ માલે મઅસૂમ શર્ત હૈ. હિદાયહમેં હૈ, **'લે અન્ન માલહુમ મુબાહુન ફબેઐયે તરીકિન અખઝહુલ–મુસ્લિમો, અખ્ઝુન માલન મુબાહન ઈઝા લમ યકુન ફીહે ગદરૂન'** જબ ઈન બેંકોંસે યેહ રકમ બગૈર કિસી ઉઝરે શરઈકે મિલતી હૈ ઔર ઈસમેં અપની ઈઝ્ઝત આબરૂકા ખતરા નહીં હૈ, તો ઈસ્કે નાજાઈઝ હોનેકી કોઈ વજહ નહીં. **ઉસ્કો સૂદ ઠેહરાકર હરામો નાજાઈઝ કહેના શરીઅતે મુતહ્હરા પર ઈફતેરા (આક્ષેપ) હૈ. ઉસ રકમકો લેના, અપને સર્ફ (ખર્ચ)મેં લાના, મસારિફે ખૈર (સારા કાર્યોમાં) મસ્જિદ, મદ્રસા વગૈરાહ ઔર દીગર જાઈઝ મસારિફમેં સર્ફ (ખર્ચ કરવું) કરના જાઈઝ હૈ.** રહી જમ્હુરિય્યત, વોહ જૈસી હૈ, ''અયાં રા પે બયાં ?'' વલ્લાહુ તઆલા અઅલમ.

લિ. કતબહુ –**કાઝી મુહમ્મદ અબ્દુર્રહીમુલ બસ્તવી** ગોફેર લહુલ–કવીય્યો *(ખાદિમ રઝવી દારુલ ઈફતા, બરેલી શરીફ, ૩૦ ઝિલકઅદાહ, હિ.સ. ૧૩૮૨)*

**અલ જવાબ સહીહ :-**

વહુવા તઆલા અઅલમો ફકીર (મુફતીએ આ'ઝમ હિંદ સાહેબ) મુસ્તફા રઝા ગોફેર લહુ

| મુફ્તી સાહેબનો સિક્કો છે | મુફ્તીએ આ'ઝમે હિંદ સાહબેનો સિક્કો છે. |
|---|---|

(**નોટ** : ઉપરનો ફત્વો અમોએ હિ.સ. ૧૩૮૨ (એટલે સને ૧૯૬૨)માં મુફતીએ આ'ઝમ સાહેબને પૂછાવેલો અને તેનો તે વખતે જે જવાબ આવેલો તે સવાલ જવાબ અસલ ઉપર પ્રગટ કરેલ છે.)

(નોટ : ઉપરોક્ત અહીંની રાષ્ટ્રીયકરણ કરેલી બેંકોના મસ્અલાથી તેમ સમજી લેવું નહીં કે બેંકને પણ વ્યાજની રકમ અદા કરી શકાય બલ્કે મુસલમાનને માટે વ્યાજ આપવું પણ હરામ છે. આજકાલ મુસલમાનો બેંકો વિગેરે પાસેથી લોનો વિગેરે લે છે અને તેને વ્યાજ સહિત પાછી કરે છે. તો આવી રીતે વ્યાજ આપવું હરામ છે. મુસલમાનો માટે જરૂરી છે કે હરામ કામથી બચે.)

*–અનુવાદક : હઝરત સૈયદ ક઼મરુદ્દીનબાવા કાંરટવી*

*(તા. ૧–૯–૧૦૯૫ના 'તયબાહ' (માસિક)ના સૌજન્યથી)*

### ★ બેંકનો નફો ★

**સવાલ** : માહનામા (માસિક) અશરફિયા જાન્યુ ૧૯૮૯માં મુફતી મુહમ્મદ શરીફુલ હક્ક સાહબ અમજદીએ બેંકોના નફાઓને લેવું જાઈઝ ઠરાવ્યું છે. અને એ પણ લખ્યું છે કે હિંદુસ્તાની બેંકોમાં પૈસા જમા કરાવવાથી જે અધિક રકમ મળે છે તે **વ્યાજ** નથી અને દલીલમાં હદીષે રસૂલુલ્લાહ ﷺ પેશ કરી છે.

મહેરબાની કરીને આ હદીષનો તર્જુમો જણાવો તો મોટી મહેરબાની





થશે. કેમ કે આ હદીષમાં 'દારુલ હર્બ'નો શબ્દ આવ્યો છે. સાથોસાથ બેંક પાસેથી મેળવેલ વ્યાજને વાપરવાની જગા પણ જણાવશો કે કયાં વાપરવામાં આવે ? જો મૌલાનાએ હિંદુસ્તાનને 'દારુલ હર્બ' ઠરાવ્યું છે તો આપણે સૌ મુસલમાનોએ તાત્કાલિક હિજરત કરવી જોઈએ ! જો કે આમ તો હિંદુસ્તાનના મુસલમાનોને પોતાના મઝહબી ફર્ઝો અદા કરવાની સંપૂર્ણ આઝાદી છે.

માફ કરશો ! હું તો કોઈ આલિમ નથી, ઉર્દૂ એટલુ સારી રીતે નથી જાણતો, જેથી હદીષનો તર્જુમો ચાહું છું. જવાબી પત્ર રવાના કરેલો છે. મહેરબાની કરીને તરત જવાબ આપો. ખૂબ ખૂબ આભાર ! આપના પત્રની રાહ જોઈશ, ખુદા હાફિઝ! *–મુહમ્મદ અમીર જાન*

**અલ્જવાબ** : જાન્યુ. ૧૯૮૯ના માસિક અંક 'અશરફિયા'માં જે મારો ફત્વો પ્રસિધ્ધ થયો છે તે સહીહ અને હક્ક઼ છે. એમાં તમામે તમામ (હિંદુસ્તાની) બેંકોના નફાઓને મેં જાઈઝ નથી કહ્યો, બલ્કે તે બેંકોના નફાને જાઈઝ કહ્યો છે જે **ગૈર મુસ્લિમોની** અથવા **ગવર્નમેન્ટની** હોય. એનો સ્પષ્ટ અર્થ એ કે **તે બેંક જે મુસલમાનોની હોય તેમાં રૂપિયા જમા કરાવતાં જે વધારાની રકમ મળે તે જાઈઝ નથી.** તે **વ્યાજ** અને **હરામ** છે. ફત્વામાં સ્પષ્ટ ખુલાસો છે કે, જો તે બેંક **વર્તમાનકાળની હિંદુસ્તાની હુકૂમત** અથવા **ગૈર મુસ્લિમોની** છે. અને તમે તમારા વાંધો ઉઠાવનારા લખાણમાં કેવળ ''હિંદુસ્તાની બેંકો'' લખ્યું છે, હુકૂમત (ગવર્નમેન્ટ)નો શબ્દ ઉડાવી દીધો છે. **''હિંદુસ્તાની ગવર્નમેન્ટની બેંક''** તે છે જે ગવર્નમેન્ટની માલિકીની હોય. અને **''હિંદુસ્તાની બેંક''**નો એ મતલબ થાય છે કે તે બેંક જે હિંદુસ્તાનમાં હોય, ભલે તે ગમે તેની માલિકીની હોય. મુસલમાનની માલિકીની હોય કે ગૈર મુસ્લિમની માલિકીની હોય, કે હિંદુઓની માલિકીમાં હોય.

ફત્વાને ધ્યાનપૂર્વક વાંચવો જોઈએ અને તેને સારી રીતે સમજવાની કોશિશ કરવી જોઈએ. હદીષના તર્જુમાથી તમે જે વાંધો ઉઠાવવા માંગો છો તેનો જવાબ તે જ ફત્વામાં હદીષ પછી મૌજૂદ છે. તમે કોઈ આલિમ પાસે આખી ઈબારત (લખાણ)નો અનુવાદ કરાવીને મતલબ પૂછી લેત તો આપની શંકા–કુશંકા દૂર થઈ જાત. આપ પ્રથમ તર્જુમો સાંભળો પછી વિસ્તારપૂર્વક વર્ણન સાંભળો. હદીષનો તર્જુમો આ પ્રમાણે છે :–

''મુસલમાન અને હર્બીની વચ્ચે દારુલ હર્બમાં વ્યાજ નથી.'' આગળ ની ઈબારતનો તર્જુમો આ પ્રમાણે છે : દારુલ હર્બની કૈદ (પાબંદી) 'એહતેરાઝી' (બચવા માટેની) નથી, વાકઈ (ખરેખર પ્રસંગને અનુરૂપ) છે. અને આપણા ત્યાંના કાફિરો હર્બી છે 'ઝિમ્મી' કે 'મુસ્તામીન'નથી.

તેનું વિગતે વર્ણન એ છે કે કૈદ (પાબંદી)ના ત્રણ પ્રકાર છે. વાકઈ, ઈત્તેફાકી, એહેતેરાઝી. 'વાકઈ' અને 'ઈત્તેફાકી'નો ભાવાર્થ નથી હોતો અને 'એહતેરાઝી'નો હોય છે. કુર્આન મજીદમાં છે : **لَا تَأْكُلُوا الرِّبٰو اَضْعَافًا مُّضَاعَفَةً** ''બમણુ વ્યાજ ન ખાવ.'' આ કૈદ 'એહતેરાઝી' નથી 'વાકઈ' છે કે જાહિલિયતના જમાનામાં એ જ પ્રમાણે થતુ હતું કે મુશ્રિકો બમણુ વ્યાજ ખાતા હતા એટલા માટે તેને વર્ણન કર્યું છે. એનો એ મતલબ નથી કે બમણાથી ઓછુ વ્યાજ ખાવું જાઈઝ છે ! બલ્કે **''વ્યાજ'' દરેક હાલતમાં તદ્દન હરામ છે** ભલે ગમે તેટલુ થોડું હોય.

બીજી આયતમાં ફર્માવ્યું :–

**لا تكرهوا فتياتكم على البغاء ان اردن تحصنا**

''પોતાની બાંદીઓને ઝિના માટે મજબૂર ન કરો, જો તેણીઓ





પાકદામન રહેવા ચાહે.''

આ આયતમાં ''જો તેણીઓ પાકદામન રહેવા ચાહે'' ની કૈદ (શરત) પણ 'એહતેરાઝી' નથી વાકઈ છે. કેમકે બુરી નજરવાળા કાફિરો પોતાની બાંદીઓને ઝિનાકારી માટે મજબૂર કરતા અને તેની કમાઈ ખાતા હતા. એનો મતલબ એ નથી કે, જો બાંદીઓ ઝિના કરાવવા માટે રાજી થઈ જાય તો તેણીઓને ઝિના માટે મજબૂર કરી શકાય છે ! **ઝિના (વ્યભિચાર) હર હાલતમાં હરામ છે,** ભલે બાંદી રાજી હોય કે બેઝાર, અને તેની કમાઈ પણ હર હાલમાં **હરામ** છે.

એ જ પ્રમાણે આ હદીષમાં **''ફી દારુલ્ હર્બ''**ની કૈદ (શરત) 'એહતેરાઝી' નથી વાકઈ છે કે જે જમાનામાં આ ઈર્શાદ થયો ત્યારે મુસલમાન અને હર્બી (કાફિર) કેવળ દારુલ હર્બમાં જ ભેગા થઈ શકતા હતા. હર્બી કાફિર દારુલ ઈસ્લામમાં હર્બી રહીને દાખલ થઈ શકતો ન હતો. જો દારુલ હર્બનો રહેવાસી હર્બી ગૈર મુસ્લિમ દારુલ ઈસ્લામમાં આવવા ચાહતો તો કાનૂની રીતે જરૂરી હતું કે તે બાકાયદા અકદે અમાન (શાંતિ કરાર) લઈને આવે, અકદે અમાન વિના દારુલ ઈસ્લામમાં આવી શકતો જ ન હતો. અને જ્યારે અકદે અમાન લઈ લીધું તો તે હર્બી ન રહેશે બલ્કે 'મુસ્તામીન' થઈ જશે.

તમે આશ્ચર્યમાં હશો કે હું શું ઉખાણા બોલી રહ્યો છું ! વિગત આ પ્રમાણે છે :– ગૈર મુસ્લિમ ત્રણ પ્રકારના છે ઝિમ્મી, હર્બી અને મુસ્તામીન. **'મુસ્તામીન'** તે ગૈર મુસ્લિમ છે જે દારુલ હર્બમાંનો રહેવાસી હોય અને નિશ્ચિત રીતે ઈસ્લામી હાકિમ પાસેથી અમાન લઈને નિશ્ચિત સમયના માટે દારુલ ઈસ્લામમાં આવ્યો હોય. **'હર્બી'** ના બે પ્રકારો છે :–

એક તે જે દારુલ ઈસ્લામમાં રહેતો હોય પણ ન તેણે ઈસ્લામી હાકિમથી 'ઝિમ્મો' લીધો છે અને ન 'જિઝયો' આપે છે. ભલે એ કારણે કે ત્યાં ઈસ્લામી હુકૂમત જ નથી, જેમકે અત્યારે હિંદુસ્તાનની હાલત છે. પછી ભલે એ કારણે કે હાકિમે સુસ્તી વર્તી છે અને તે તેની પાસેથી શરીઅતના તરીકા પ્રમાણે જિઝયો નથી લેતો. જેમકે સુલ્તાન મુહીયુદ્દીન ઔરંગઝેબ આલમગીરના યુગના ગૈર મુસ્લિમોના બારામાં તેમના ઉસ્તાદ આરિફ બિલ્લાહ મુલ્લા અહમદ જીવન કુદ્દેસ સિર્રહૂએ તફસીરાતે અહમદિયહ્‌માં લખ્યું છે :

**ان هم الا حربيون وما يعقلها الا العالمون** " આ જમાનાના ગૈર મુસ્લિમ હર્બી છે તેને કેવળ ઈલ્મવાળા જ સમજી શકે છે."

બીજા તે હર્બી ગૈર મુસ્લિમો જે દારુલ હર્બમાં રહે છે. આ વિગતમાં વિચારણા કરશો તો જણાઈ જશે કે રિસાલત કાળમાં કોઈ પણ હર્બી, હર્બી હોવા છતાં (રહીને) દારુલ ઈસ્લામમાં આવી શકતો ન હતો. દારુલ ઈસ્લામમાં તે જ ગૈર મુસ્લિમ રહી શકતો હતો જે 'ઝિમ્મી' હોય કે પછી 'મુસ્તામીન' થઈને ટેમ્પરરી રીતે આવે. એટલા માટે તે ઈર્શાદ ફર્માવ્યો કે, "મુસલમાન તથા હર્બીની વચ્ચે દારુલ હર્બમાં વ્યાજ નથી." કેમકે આ મુબારક યુગમાં એ સૂરત (સ્થિતિ) શકય જ ન હતી કે હર્બી હર્બી હોવા (રહેવા) છતાં દારુલ ઈસ્લામમાં આવી શકે.

આ કેદ (શરત) 'વાકઈ' થવાની બે મહત્વની ઓળખો છે. પ્રથમ એ કે આ જ હદીષ શબ્દોના ફેરફાર સાથે આ પ્રમાણે રિવાયત થયેલ છે : "અહલે હર્બ અને અહલે ઈસ્લામ વચ્ચે વ્યાજ નથી." (દિરાયહ)

(જિઝયો–ગૈર મુસ્લિમ પોતે ઈસ્લામી બાદશાહને ટેક્ષ આપીને





પોતાની જાન માલની રક્ષાનો કરાર મેળવી લે છે તે ટેક્ષને જિઝયો કહે છે અને તે ગૈર મુસ્લિમને ઝિમ્મી કહેવાય છે.)

આ હદીષમાં **ફી દારુલ હર્બ** ની કેદ (શર્ત) નથી. જો વ્યાજ ન હોવું વર્ણન કરેલ સ્થિતિમાં દારુલ હર્બના સાથે ખાસ હોત તો આ કેદ (શર્ત) આ હદીષમાં પણ જરૂર હોત. બીજું એ કે હર્બી તથા મુસલમાનની વચ્ચે વ્યાજ ન હોવાનુ કારણ જગ્યા (દારુલ હર્બ)નથી, બલ્કે હર્બીઓના માલનુ મુબાહ તથા ગૈર મા'સૂમ (મુબાહ તથા ગૈર માસૂમ એટલે ઈજાઝત વિના લેવું જાઈઝ હોય તે માલ) હોવું છે. 'હિદાયહ'માં છે :–

**તર્જુમો** : "એટલા માટે કે તેમનો માલ તેમની જગ્યામાં મુબાહ છે, ધોકો કર્યા વિના મુસલમાન જે રીતે પણ લેશે મુબાહ માલ લેશે, 'મુસ્તામીન'થી ઉલ્ટુ કે તેનો માલ શાંતિના કરારના કારણે મા'સૂમ થઈ ગયો, મુબાહ રહ્યો નહીં.

જુઓ ! ઈમામ બુરહાનુદ્દીન 'હિદાયહ'ના લેખકે **હર્બી** તથા **મુસલમાનની** વચ્ચે વ્યાજ ન હોવાનુ કારણ જગ્યા (દાર)ને નથી ઠરાવ્યું, બલ્કે માલના મુબાહ હોવાને. અને એ દરેક મુસલમાન સમક્ષ ધોળા દિવસની જેમ રોશન છે કે હર્બી ગૈર મુસ્લિમના માલનું દારુલ ઈસ્લામમાં મુબાહ હોવું દારુલ હર્બ કરતાં અધિક સ્પષ્ટ છે. ખૂદ 'હિદાયહ્‌'ના લેખકના આ ઈર્શાદથી જાહેર છે :–

**بخلاف المستامن منهم لان ماله صار مهجورا بعقدا لامان**

કેમકે તેમણે 'મુસ્તામીન'ના માલને મહ્‌જૂર (મા'સૂમ) હોવાનુ કારણ શાંતિ કરાર બતાવ્યું છે. એનાથી સ્પષ્ટ જાહેર થાય છે કે જો કોઈ હર્બી શાંતિ કરાર વિના દારુલ ઈસ્લામમાં આવી જાય તો તેનો માલ

મુબાહ થશે. અને જયારે મુસ્લિમ તથા હર્બીના વચ્ચે વ્યાજ ન હોવાનુ કારણ હર્બીના માલનુ મુબાહ છે. અને **દારુલ ઈસ્લામમાં પણ તેનો માલ મુબાહ છે તો દારુલ ઈસ્લામમાં પણ હર્બી અને મુસલમાનની વચ્ચે વ્યાજ નથી.** એટલા માટે કે "ફી દારુલ્ હર્બ" નો ઉલ્ટો ભાવાર્થ મોઅતબર (વિશ્વાસપાત્ર) નથી. અસલ મસ્અલાને હવે તમે આ રીતે સમજો. વ્યાજ હોવા માટે બંને પક્ષોના માલનુ મા'સૂમ હોવું શર્ત છે. રદ્દુલ મુહતારમાં શરમ્ બુલાલિયહ્થી છે :

**તર્જુમો :** વ્યાજની શર્તોમાંથી બંને પક્ષે માલનુ મા'સૂમ હોવુ અને એવું હોવું કે એને (માલને) ગુમ કરી દેવાથી તાવાન (તે વસ્તુ પરત કરવું) વાજિબ હોવું છે. તો એમાંથી એકનું મા'સૂમ હોવું અને બીજાનુ વિના કિંમતનું હોવું મના નથી થતુ.

'હર્બી' ચાહે 'દારુલ ઈસ્લામ'માં હોય કે ચાહે 'દારુલ હર્બ'માં તેનો માલ મા'સૂમ નથી મુબાહ છે.

અત્યારના સંજોગોમાં હિંદુસ્તાનના ગૈર મુસ્લિમ 'ઝિમ્મી' કે 'મુસ્તામીન' નથી એટલા માટે કે 'ઝિમ્મી' તથા 'મુસ્તામીન' હોવા માટે ઈસ્લામી હુકૂમત (ગવર્નમેન્ટ) હોવી અનિવાર્ય છે, જેથી અહીંના ગૈર મુસ્લિમ 'હર્બી' થયા. પણ આપણે અહીં એ અહદની સાથે વસીએ છીએ કે અહીંના રહેવાસીઓના જાન માલ સાથે છેડછાડ કરીશું નહીં, તેમને ઈજા આપીશું નહીં, તેમની મરજી વિરૂધ્ધ તેમનો માલ લઈશું નહીં, એટલા માટે શરીઅતની રૂએ તેમને ઈજા પહોંચાડવી, તેમની મરજી વિરૂધ્ધ તેમનો માલ લેવો જાઈઝ નથી. પરંતું જો તેઓ ખુશીની સાથે (સ્વેચ્છાએ) એવા કરાર થકી પોતાનો માલ આપે જે મુસલમાન મુસલમાન વચ્ચે શરીઅતની રૂએ નાજાઈઝ હોય તેને લેવામાં કોઈ





વાંધો નથી. જેમ કે બેંકોમાં રૂપિયા જમા કરવા પર થાય છે.

ત્યાર બાદ શારેહે બુખારીએ બેંકના નફાના જાઈઝ હોવા સામે જેઓ વાંધાઓ ઉઠાવે છે તેમને કેટલાક મહત્વના પ્રશ્નો કર્યા જે જાહેરી રૂપે તો સવાલ છે પરંતું વિચાર કરશો તો તે સવાલોમાં વર્ણન કરેલ મસ્અલાનો મજબૂત તથા ઠોસ હલ મૌજૂદ છે.

### ★ વાંધો ઉઠાવનારાઓને પ્રશ્નો ! ★

**૧.** હિંદુસ્તાન દારુલ ઈસ્લામ છે તો હવે અહીંના ગૈર મુસ્લિમ 'હર્બી' છે કે 'મુસ્તામીન' કે 'ઝિમ્મી' ?

**૨.** 'હર્બી' ગૈર મુસ્લિમનો માલ દારુલ ઈસ્લામમાં 'મા'સૂમ' છે કે 'મુબાહ' ?

**૩.** દારુલ હર્બમાં મુસ્લિમ તથા હર્બીના વચ્ચે જે વ્યાજ નથી તેનુ કારણ (ઈલ્લત) દાર (સ્થળ) છે કે માલોનું મુબાહ હોવું ?

**૪.** વ્યાજની શરતોમાંથી બંને પક્ષે માલનુ મા'સૂમ હોવું છે કે નહીં ?

**૫.** ગલત ખરીદ વેચાણના સોદાઓ થકી હર્બી ગૈર મુસ્લિમનો માલ લેવો દારુલ હર્બ સાથે ખાસ છે કે દારુલ હર્બ તથા દારુલ ઈસ્લામ બંને સાથે માલ (સામાન્ય) છે ? જો ખાસ છે તો ખાસ હોવાની શું દલીલ છે ? *(માહનામા અશ્રફિયહ્– મુબારકપૂર, મે–૧૯૮૯)*

*(કિતાબ : શારેહે બુખારી, અઝ : યાસીન અખ્તર (મિસ્બાહી)*